**કઠોપનિષદ**

**શિબિર-૧**

**શાંતિપાઠ, અધ્યાય-૧ પ્રથમ વલ્લી શ્લોક ૧-૧૯**

**પ્રવચન-૧ તા. ૧૫-૪-૨૨ સવાર**

<u>જનરલ</u>

<u>શાસ્ત્રાભ્યાસ અનિવાર્ય</u>

* સર્વત્ર જ્ઞાનનો મહિમા ગવાય છે
  - જેનો આટલો મહિમા - તે જ્ઞાન એટલે શું?
  - મહાનિર્જરાનો હેતુ છે
* દા.ત. એન્જિનિઅરિંગ લાઈનમાં
  - મેડિકલ - કાયદાનું જ્ઞાન - જ્ઞાન નથી મનાતું
  - તે ક્ષેત્રને સ્પર્શતા વિષયનો બોધ
* દા.ત. ડૉક્ટર માટે  દા.ત. વકીલ માટે

  શરીરરચના  કાયદાનું
  રોગનું જ્ઞાન  સાક્ષીની ઊલટતપાસ

  દા.ત. વેપારી - માલ, બજાર, ઘરાકનું
* આધ્યાત્મિક ક્ષેત્રે
  - આત્મા સંબંધીનું હોય
  - જગતનું પણ જે નિર્મળતામાં સહાયભૂત
* શાસ્ત્ર ભણી જવા માત્રથી - આત્મજ્ઞાન નહીં
  - પરોક્ષ છે - અપરોક્ષ જ્ઞાન જોઈએ
  - દા.ત. ડૉક્ટર - પુસ્તકો - સારવાર - ઠીક કરી શકે

---

* સ્વાનુભૂતિ માટે - અનુભવીનાં વચનો નિભાવવું રહ્યું
  - દા.ત. અમેરિકા - પુસ્તકો - મુલાકાત
  - તેમ સાધનામાર્ગે પણ
* સ્વભાવમાં સ્થિર થવા - શ્રુતજ્ઞાન ઉપયોગી
  - શ્રવણ - મનન - નિદિધ્યાસન = સ્વાનુભૂતિ
  - તો જ શ્રુતજ્ઞાન સહાયભૂત થયું
* માત્ર શ્રુત - દા.ત. કોઠારમાં પડેલું બીજ
  - ચિંતન = તેથી નિઃશંક નિર્ણય / નિશ્ચય
  - નિદિધ્યાસન = ભાવનાત્મક - વારંવાર જાગૃત
* તેથી અંતરમાં પ્રજ્ઞા જન્મે
  - જ્ઞાન તરીકે પ્રતિષ્ઠા પામે
  - મુક્તિસાધક બને
* સાધનાલક્ષી શ્રુતાભ્યાસ
  - જિનની આજ્ઞા છે
  - શ્રુત - શાસ્ત્ર / ગુરુવચનથી પ્રાપ્ત થતો બોધ

<u>સૂચનાઓનું પાલન</u>

* પરમકૃપાળુદેવ - પત્રાંક ૮૨૫

  આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે
  બે સાધન સેવવાં - સત્શ્રુત / સત્સમાગમ
* જેનાથી ચિત્તમાં શુભ પરિવર્તન આવે
  આર્ત્તરૌદ્ર - સંકલ્પવિકલ્પનો નિરોધ કરે
  શાંતસ્વીકારની મધ્યસ્થ પરિણતિ લાવે
* આત્મજાગૃતિ વધારે
  અહંમમ - આસક્તિ ઘટાડે

  તેવા શાસ્ત્રની ભલામણ છે

---

* જો સૂચનાઓ પાળો તો પરિણામ

  ૫ બાબતો આવશ્યક = સાધનાલક્ષી શ્રુતાભ્યાસ તો જ મુક્તિસાધક
* (૧) સંયોગ
  - પુણ્યોદયે યોગ ૫ બાબતો આવશ્યક
  - નિરંતર સત્સમાગમ જેવા સંજોગો
* (૨) સામગ્રી
  - શ્રુત આદિ
  - સારા દિવસો બેઠાં બેઠાં નથી આવતા
    વલણમાં પરિવર્તનપૂર્વક ઘણા ખરાબ દિવસોના
    સામના પછી
* (૩) શક્તિ
  - સર્વ પાપ નહીં  - સર્વ ધર્મ નહીં
    શક્ય પાપ ત્યાગ  શક્ય ધર્મ અમલ
  - પ્રવચનમાં ઘણા આવે  - પ્રવચન કેટલામાં આવે
* (૪) સત્ત્વ
  - નિયમ લેવા સમજણ  - નિયમ પાળવા સત્ત્વ
  - પ્રલોભનમાં સ્થિર  દા.ત. વાદળાં ઉપર પ્લેન
  - દા.ત. ગંઠીસહિઅં - શત્રુંજયયક્ષ
* (૫) શ્રદ્ધા
  - ધર્મમાં સત્યમેવ જયતે
  - વ્યવહારમાં પુણ્યમેવ જયતે
  - સાધનામાં કૃપામેવ જયતે

# ઉપનિષદો

## વૈદિક અભ્યાસ

* આખા વિશ્વમાં ભારતીય અધ્યાત્મ
શાસ્ત્ર / વિદ્યા શ્રેષ્ઠ છે
કોઈ આધુનિક વિચારકો તે ઊંચાઈને સ્પર્શ્યા નથી

* ભારતીય આધ્યાત્મિક પરંપરામાં
વૈદિક સાહિત્યનો મહિમા ખૂબ ગવાયો છે

* વૈદિક સાહિત્ય ૪ ભાગમાં વિભાજિત -
- પ્રત્યેક વેદમાં ૪ ભાગ

a) સંહિતા = વૈદિક મંત્રો મળે (સ્તોત્રો)

b) બ્રાહ્મણગ્રંથો = યજ્ઞપદ્ધતિ દર્શાવેલ
(વિધિવિધાન) કર્મકાંડ

c) આરણ્યક = જંગલમાં થયેલી ચર્ચા
(ધર્મ અંગેનું વાંચન)
ઋષિઓના પ્રશ્નોત્તર - અનુભવવાણી
સંકલન

d) ઉપનિષદો = વેદાંત પણ કહેવાય (તત્ત્વજ્ઞાન)
વેદનો અંત - સાર (શ્રેષ્ઠ)
વેદોનો જ્ઞાન વિભાગ
સૌથી જૂનું ૫૦૦૦ વર્ષ પૂર્વેનું હોઈ શકે
જ્ઞાનકાંડ

* વૈદિક સાહિત્યનો અભ્યાસ

- પ્રસ્થાનત્રયી = ત્રણનો અભ્યાસ
ઉપનિષદ - ભગવદ્ગીતા - બ્રહ્મસૂત્ર
- ૩નો અભ્યાસ - આચાર્યની પદવી મળે
વલ્લભાચાર્યજીએ ભાગવત ઉમેર્યું -
પ્રસ્થાન ચતુષ્ટય
- ઉપનિષદ = જ્ઞાનનો પાયો
ભગવદ્ગીતા = ઉપનિષદનો સંક્ષિપ્ત સંદેશ
બ્રહ્મસૂત્ર = ઉપનિષદના આધારે પ્રશ્નો

* ઉપનિષદોની સંખ્યા

- ૧૦૮ ઉપનિષદો - મુખ્ય ૧૦
ઈશ - કેન - કઠ - પ્રશ્ન -
મુંડક - માંડૂક્ય - તૈત્તિરીય - ઐતરેય -
છાંદોગ્ય - બૃહદારણ્યક (શ્વેતાશ્વતર)

## ઉપનિષદ અર્થ

* શંકરાચાર્યજી વિવેચન - ભાષ્ય
- ૧૦ ઉપનિષદ ઉપર
- વિવિધ આચાર્યો - વિવિધ અર્થઘટનો
જુદી પરંપરા
- જીવ જગત જગદીશ - અંતિમ વાસ્તવિકતા
- બધા સારાનો સમાવેશ - સમસ્યાઓનું - દુઃખનો
સમાધાન અંત
- શંકરાચાર્યજી - સમજવામાં સરળ
ફુલ ઑફ ઇનસાઇટ - ઇન્સ્પિરેશન
- તેના ઉપર આધાર રાખવો - અપરિવર્તનશીલ
ગદ્યાત્મક પદ્યાત્મક નૉટ લેટેસ્ટ
નૉટ આઉટડેટેડ

* ઉપનિષદ શબ્દની વિવેચના

• સામાન્ય અર્થ
- ગુરુસમીપે બેસવું - જ્ઞાન પ્રાપ્તિ માટે
- ઉપ (સમીપ) + નિષદ (બેસીને જ્ઞાન મેળવવું)
- દીક્ષાર્થી થઈ શિક્ષાર્થે બેસવું

• પારિભાષિક અર્થ

I) ઉપ = સમીપ / નજીક
- સદ્ગુરુ સામે - નજરમાં - નિકટ
ગુરુ / જ્ઞાન / સ્વની નિકટ જવું
- સીધું મુખ દેહ
નેત્ર આભા
- એકાગ્રતા મહિમા અજ્ઞાન અહંકાર
વધે ઘટે

II) નિ = નિષ્ઠા - નમ્રતાપૂર્વક - નિશ્ચયપૂર્વક બેસવું
- નીચે બેસવું (નિ = knee)
- ઇન્ટેનશન / અટેન્શન / અફેક્શન
- કમિટમૅન્ટ - સરટેનિટી
કન્વિક્શન - ક્લૅરિટી

III) સદ્ = ત્રણ અર્થ

a) વિશરણ - નાશ, વિનાશ
અવિદ્યાનો નાશ - દુઃખનું - પાપ
અજ્ઞાન બીજ

b) ગતિ - પ્રાપ્તિ
બ્રહ્મ તરફ - અંતિમ ધ્યેય પહોંચવું - બ્રહ્મપ્રાપ્તિનું સાધન

c) અવસાદન - શિથિલ કરવું
વાસના ઢીલી કરવી - કાર્મિક બંધન
જે આધ્યાત્મિક વિકાસ ધીમો પાડે

* ઉપનિષદનું પ્રયોજન

• સંસારનિવૃત્તિ - બ્રહ્મની પ્રાપ્તિ
• સમીપ બેસવું - ઇરાદાપૂર્વક - જ્ઞાનપ્રાપ્તિ
• દુઃખનાં બીજનો નાશ

# કઠોપનિષદ

## કઠોપનિષદ

* સ્વામી વિવેકાનંદનું પ્રિય

- ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્ નિબોધત
  પુષ્કળ ઉપયોગ - ઊઠો - જાગો
  પ્રચલિત કર્યું
- સ્વરૂપબોધથી આપણા જીવનમાં નવો આયામ લાવે
- બધા ઉપનિષદોમાં અનૂઠું છે

* કઠોપનિષદ નામ કેમ

a) કઠ શાખા અંતર્ગત

- ૪ વેદ - ઋગ્વેદ - સામવેદ - યજુર્વેદ - અથર્વવેદ
- પ્રત્યેક ઉપનિષદ કોઈ એક વેદ સાથે સંકળાયેલ
- આ યજુર્વેદમાંથી - કૃષ્ણ શાખા
- શુક્લ શાખા - ઈશ, બૃહદારણ્યક
- કૃષ્ણ યજુર્વેદની કઠ શાખા અંતર્ગત

b) પ્રવચનકર્તા કઠ ઋષિ

- કઠ ઉપનિષદ કઠ ઋષિ દ્વારા
- કઠ ઋષિ દ્વારા પ્રગટ

* રચયિતા

- રચયિતા કઠ ઋષિ નથી, પ્રવક્તા છે
- દા.ત. શ્રીકૃષ્ણ ગીતાના રચયિતા નથી, ગવૈયા છે
  દા.ત. ભગીરથ - ગંગા નિર્માતા નહીં - અવતરણ કર્તા
- રચયિતા વ્યાસજી સંકલન
  પ્રવક્તા (પ્રગટ) કઠ ઋષિ દ્વારા

* જ્ઞાનયોગ સાધવા

- શ્રવણ - મનન - નિદિધ્યાસન
- લિસન - કૉન્ટમ્પ્લેટ - મેડિટેટ
  (ભક્તિમાર્ગ - પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા
  કર્મમાર્ગ - નિષ્કામ, નિઃસ્પૃહ, નિષ્ઠા)

## માળખું - શૈલી

* માળખું

- ૨ અધ્યાય - પ્રકરણ
- ૩ વલ્લી - વિભાગ બન્નેમાં
- કુલ ૬ વલ્લી

૧) ૨૯ શ્લોક - એપ્રિલ-મે
૨) ૨૫ શ્લોક - જૂન
૩) ૧૭ શ્લોક - ઑગસ્ટ
૪) ૧૫ શ્લોક - સપ્ટેમ્બર
૫) ૧૫ શ્લોક - ઑક્ટોબર
૬) ૧૮ શ્લોક - નવેમ્બર - ડિસેમ્બર

- ૧૧૯ મંત્ર + ૧ શાંતિપાઠ = ૧૨૦ મંત્ર

* શૈલી

- સંવાદશૈલી જેમ કે
  દા.ત. ગણધરવાદ　　દા.ત. અષ્ટાવક્ર ગીતા
  દા.ત. આત્મસિદ્ધિ શાસ્ત્ર　　દા.ત. ભગવદ્ ગીતા
  યમરાજ અને નચિકેતા
- સંદેશ કથારૂપે ગૂંથાયો હોવાથી સરળ /
  સંવાદ આત્મસંવાદ
- જ્યારે અન્ય ઉપનિષદો
  રંગ વિનાના - રમૂજ વિનાના - કથા વિનાના
  આમાં બધું - તેથી રસપ્રદ

# જનરલ

## દુરાગ્રહરહિત

* વેદ = અનુભૂતિઓનો કોષ - સત્યનું જ્ઞાન

- ઉપ = પોતાની પાસે બેસવું
- દા.ત. ઉપનિષદ - ઉપવાસ - ઉપાસના

* ભારતીય સંસ્કૃતિના અધ્યાત્મજ્ઞાનનો

- મોટો ભાગ ઉપનિષદમાં છુપાયેલો છે
- એક ધર્મ - પંથ - પરંપરાનો નથી

* દા.ત. સૂર્ય - એક દેશનો નથી
દા.ત. અગ્નિ - તેને પકાવે - જેને પકાવવું છે
દા.ત. વાદળ - તેની પ્યાસ - જેને બૂઝવવી છે

---

* મારા હૃદયમાં ઉપનિષદનું - બહુ સન્માન છે

- મારા ગુરુની કૃપા
- દા.ત. દૃષ્ટિવિષ   દા.ત. કરી મતાંતર ત્યાજ

* જો પરંપરાનો પ્રકાશ - પરંપરાનાં શાસ્ત્ર
જો જ્ઞાનનો પ્રકાશ - ભીતર બારી ખુલ્લી

- દા.ત. પેરાશૂટ - વિશાળતા - ખુલ્લું

* ભગવાન મહાવીર ત્રણ મુખ્ય સાધના
અનેકાંતની સાધના માટે

- દુરાગ્રહમુક્ત સત્યનાં દર્શનની તૈયારી

* સાચું તે મારું - હિંમત
પરાયું - તેનું પણ સન્માન
વિરોધીના સત્યનો - પણ સ્વીકાર

* મતાગ્રહ તોડવાની સાધના

- મને પરમકૃપાળુદેવની કૃપા - પોતાનું પરાયું નહીં
- ગુણાનુરાગી બનવું સરળ

---

* જેને સત્યની પિપાસા છે

- દા.ત. ઉપનિષદ કૂવા પૂરા પાડશે

* આપણું સૌભાગ્ય છે

- દા.ત. હિમાલય / ગુરુકૂળ નહીં - ગંગા નદી
- આશ્રમમાં અધ્યાત્મગંગા પધારી છે

## અદ્ભુત યાત્રા આજથી

* સફળતા - સાર્થકતા

- લક્ષ્મી આદિ   શાંતિ આનંદ
  રાજીપો - સ્વરૂપબોધ
- દા.ત. ગંગાસાગરથી - બહારથી - કઠિન
  ગંગોત્રી   ભીતર   જો મુમુક્ષુતા
  ન હોય તો

* કઠોપનિષદ - જીવવા માટે કળા

- મૃત્યુમાંથી પસાર / પરિચિત
- જીવતાં મરવાની કળા શીખવાડે છે

---

* મૃત્યુથી ભયભીત - જીવનથી અપરિચિત

- મૃત્યુ = દુઃખ, પીડા, સંતાપ, વિયોગ
- ભયભીત - પીડા - વિકલ્પોના કારણે
  બચવા   પલાયન   મૂર્ચ્છિત

* મૂર્ચ્છિત મરણ - મૂર્ચ્છિત જન્મ

- તેથી સંસાર પરિભ્રમણ ચાલુ
- ધર્મ = હોશપૂર્ણ - સ્વરૂપાનુસંધાનપૂર્વક
  મરવા / જીવવા કળા

---

* શરીર મરણધર્મા - હું નહીં

- અનાદિ અનંત   દા.ત. શરીર વસ્ત્ર બદલું છું
- હું મરતો નથી - મરીશ નહીં

* જીવવાનો દૃષ્ટિકોણ બદલાશે

- દા.ત. મેઘધનુષ - રંગબેરંગી - ભ્રમ
  દોરી - સાપ - ભય - ભ્રમ
- મિથ્યા   - વિષય - ઉદાસીન
  અનાસક્ત   કષાય - કારણ નહીં

---

* શરીર તો - ખબર આપે છે

- ભીતર જીવન છુપાયેલું છે - સંયોગનો બોધ માત્ર
- તમારી ઓળખ નથી - ઓળખનો વિસ્તાર

* સરળ - કઠિન

- ઋષિએ સરળ બનાવ્યું
- કઠિન જો પિપાસા નહીં તો

---

* આજથી આ અનૂઠી યાત્રા પર

- સ્વયંની ખોજ - મૃત્યુથી પરિચિત થવા

* જ્ઞાન શિખર પર આરોહણ

- ઊંચાઈ અને ઉજાસ આપશે
- અંતરનો દીપક પ્રગટાવશે
- ઉપનિષદના માધ્યમથી

## પ્રવચન–૨   તા. ૧૫–૦૪–૨૨   બપોર

### <u>પ્રાર્થના</u>

#### <u>જનરલ</u>

* <u>અભ્યાસનો પ્રારંભ</u> પ્રાર્થના દ્વારા

- ઘણા આરંભ - બધા અહં સ્મરણ દ્વારા
- અહં હાજર - મજબૂત કરવાની જ ચેષ્ટા
- ધર્મનો આરંભ નિરહંકારથી થાય

* પરમાત્મા / ગુરુના સ્મરણથી - <u>અહં ગળે છે</u>

- કેન્દ્રથી પોતાને હટાવી - પ્રભુ રહે
- પ્રભુ મુખ્ય - હું ગૌણ
- અનુપસ્થિત વ્યક્તિ (હોવું ન હોવું)

* જો વાસ્તવિક / <u>યથાર્થ સ્મરણ તો</u>

- પૂરા પ્રાણથી - ભાવથી
- ફેફસાં પૂરાં ભરાય - હૃદય ધબકે તેનાથી
- તમારી પ્રતીતિ નહીં - અનુભૂતિ બની જાય

* પ્રાર્થનાથી <u>ઉપનિષદનો પ્રારંભ</u>

- શ્રદ્ધા - નહીં તો બધો પ્રયત્ન વ્યર્થ જશે
- શ્રદ્ધા - વિનય - હૃદયમાં કૃતજ્ઞતા
- તમારી કબર પર - બ્રહ્મવિદ્યા મળશે

* પ્રાર્થના કરો - <u>તમે હટી જાઓ</u>

- દા.ત. દ્વાર ખોલો પ્રકાશને આવવા માટે
- જ્ઞાન-ધ્યાનનો પ્રારંભ આનાથી થવો જોઈએ
- તમે મટો - તમારો અહં, દુઃખ, માંગ મટે

* <u>યાંત્રિક</u> નહીં

- દા.ત. મશીન સર્જન - સંવેદના નહીં
- ધર્મ - એક સંવેદનાનું નામ
- દા.ત. 'ડિટ્ટો ડિટ્ટો' કેમ બોલતા નથી!

* પરમાત્મા <u>આકાશમાં નથી</u>

- તમારી ભીતર છે
- દા.ત. બીજ તૂટે - અંકુરિત - વૃક્ષ
- અહં તૂટે - ભીતર છુપાયેલ પરમાત્મા પ્રગટે

#### <u>શાંતિપાઠ</u>

* ભારતવર્ષની વૈદિક પઠનપાઠ પરંપરા અનુસાર
અભ્યાસના આરંભમાં
શાંતિપાઠ કરવાની પ્રથા જોવા મળે છે

* જ્યારે પણ જિજ્ઞાસુ / શિષ્ય / મુમુક્ષુઓ
બ્રહ્મવિદ્યા માટે એકત્રિત થાય - શાંતિપાઠનું ઉચ્ચારણ કરતાં જોવા મળે છે

* કેમ? (જૈનોમાં મંગળાચરણ)
ગહન અભ્યાસ પૂર્વે શાંતિનું વાતાવરણ સર્જાય - નિર્વિઘ્ને પૂર્ણ થાય - પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત

* અભ્યાસ માટે સારું વાતાવરણ સર્જાય
તેથી ગહન જ્ઞાનનું ગ્રહણ

* પ્રત્યેક ઉપનિષદનો પોતાનો આગવો શાંતિપાઠ જોવા મળે છે
આ કઠોપનિષદનો શાંતિપાઠ - આ કૃષ્ણ યજુર્વેદની પ્રાર્થના

* શાંતિપાઠથી ઉપનષિદનો અભ્યાસ શરૂ / પૂર્ણ
મન શાંત હોય તો ઉચ્ચ જ્ઞાન મેળવી શકાય
શંકા / વેદના / તીવ્ર ઈચ્છાઓથી મુક્ત તો ઉચ્ચ જ્ઞાન

* આત્મજ્ઞાન માટે અભ્યાસ
રોજગાર માટે નહીં (ગુરુ) - મનોરંજન માટે નહીં (વિદ્યાર્થી)

* પ્રાર્થનાની આવશ્યકતા - અભ્યાસની પૂર્ણતા
અવરોધો વિના અભ્યાસ માણવા → a) અપેક્ષિત કે અનપેક્ષિત
↘ b) પરિસ્થિતિજન્ય - માનસિક

* જ્ઞાનસાધના કેવા ભાવથી આરંભે છે
તે બતાવે છે

* બન્નેના પ્રામાણિક સહકાર વિના
કોઈ વિકાસ શક્ય નથી

* અણસમજ - ગેરસમજ ન થાય
તે માટે પ્રાર્થના આવશ્યક છે

* આજે પણ પઠનના - પ્રારંભ અને અંતમાં
આ પાઠ થાય છે

* આજે પણ શ્રુતિનું અધ્યયન થાય
ત્યાં આ પદ્ધતિને અવશ્ય અનુસરવામાં આવે છે

* પ્રાર્થના ઉચ્ચારણ
અભ્યાસ - લગ્ન - ભોજન

ૐ સહ નાવવતુ

* સહ (સાથે) નૌ (બન્નેનું) અવતુ (રક્ષણ)

તે આપણાં બન્નેનું રક્ષણ કરે

* આપની કૃપાથી - બન્નેનું રક્ષણ થાઓ

જેથી અમે અમારો અભ્યાસ પૂર્ણ કરી શકીએ

* રક્ષણ થાઓ

શારીરિક રોગથી
માનસિક અવરોધથી (શ્રદ્ધા, એકાગ્રતા વગેરેનો અભાવ)
પરિસ્થિતિજન્ય મુશ્કેલીઓ / વિઘ્નો

* આધિ વ્યાધિ ઉપાધિથી - રક્ષણ

અહંકાર, પ્રમાદ, ભાવમરણ - રક્ષણ

* જેથી જીવનમાં બ્રહ્મવિદ્યાનો પ્રકાશ પ્રગટાવી

સંસારસમુદ્રથી - જન્મમરણના ચક્રથી
અમારું કલ્યાણ થાય

* ગુરુ = વિદ્યાદાનમાં
શિષ્ય = વિદ્યાગ્રહણમાં

વિઘ્ન - પ્રમાદ ન આવે

* શિષ્ય

- શ્રદ્ધા, ભક્તિ, અભ્યાસનો પ્રેમ
- એકાગ્રતા, ધૈર્ય, વિકાર નહીં

* ગુરુ

- ઉત્સાહ - કરુણા - ધીરજ
- અકળામણ નહીં
- ભણાવવા તત્પર - ફરી યાત્રા માટે તૈયાર
- મને ભણાવવાનો પ્રેમ
  દા.ત. પિતા બાળક સાથે ઘૂંટણિયે ચાલે

સહ નૌ ભુનક્તુ

* સહ (સાથે) નૌ (બન્નેનું) ભુનક્તુ (પાલન ભોગ)

તે આપણાં બન્નેનું પાલન કરે
જ્ઞાનનો આનંદ માણીએ
જ્ઞાનના આનંદ માટે અમારા પર તેમના આશિષ
અમે અભ્યાસનું ફળ માણીએ

* બ્રહ્મવિદ્યા દ્વારા અમારું પોષણ થાઓ

આ વિદ્યાથી દેહભાવ, જીવભાવ તૂટે
શુદ્ધાત્મારૂપે પોતાને અનુભવીએ

* બ્રહ્મવિદ્યા દ્વારા

પોષણ - પૂર્ણતારૂપી તૃપ્તિ થાઓ

* અમને આશિષ આપે કે અમે

અભ્યાસના ફળને માણીએ
અને અભ્યાસને પણ

* સાંભળવું - શીખવું - ગ્રહવું - આંતરિક બનાવવું - પ્રયોગમાં મૂકવું - તે પ્રમાણે જોવાની / અર્થઘટનની શરૂઆત

* - ગુરુ અને શિષ્ય - બન્ને

- માણે છે ભણાવવાની / ભણવાની પ્રક્રિયા
- અને અભ્યાસનું ફળ

* લગ્નપ્રસંગે

- સાથે રહીએ - જીવીએ - ચાલીએ - વિકસીએ

* લગ્નપ્રસંગે

- જીવન સાથે માણીએ - મન એકસાથે ચાલે
- જોવાની, સમજવાની
  એકસરખું ન હોય તો મતભેદ, સંઘર્ષ
- એકસરખું તો સુખ - શાંતિ
- દા.ત. સારું છે - ખતરનાક છે
  જો એક ખુશ - બીજો નાખુશ
  બન્ને દુ:ખી

## સહ વીર્યં કરવાવહૈ

* સહ (સાથે) વીર્યં (બળ શક્તિ) કરવાવહૈ (પ્રાપ્ત કરીએ)
બન્ને સાથે મળીને પ્રયાસ કરીએ

* વીર્યના વિવિધ અર્થ

a) વિદ્યાપ્રદાયક બુદ્ધિચાતુર્ય - વિદ્યાગ્રાહક
સ્મૃતિના સામર્થ્યરૂપ વીર્ય પ્રાપ્ત થાઓ

b) બુદ્ધિ ધારદાર - સૂક્ષ્મ બનો

c) ચિત્તશુદ્ધિ માટેનું સામર્થ્ય / શક્તિ પ્રાપ્ત થાઓ
આત્મસાક્ષાત્કાર માટે જરૂરી

d) સાહસ - શૌર્ય - શક્તિ જેથી
ગુણો ફોરવવામાં કાયર ન બનીએ
મોહરૂપી આંતરિક શત્રુથી મુક્ત થઈએ
વીરતા દેખાડીએ

e) શ્રવણ કરેલ જ્ઞાનથી બળ પ્રદાન
દા.ત. પત્રાંક ૮૫૬
જિજ્ઞાસા - વિચાર - વૈરાગ્ય - ધ્યાન - જ્ઞાનબળ

* ગુરુને વિદ્યાદાનમાં - શિષ્યને વિદ્યાગ્રહણમાં
ખૂબ પ્રયાસ થાય

* સામર્થ્ય - બળ - શક્તિ પ્રાપ્ત થાઓ જેથી

- શ્રેયના પંથે કાયર ન થઈએ (ઘણાં વિઘ્ન આવશે)
- પ્રતિબંધોમાં ન અટકીએ (ચારે અવરોધ કરશે)
- દૃઢ રહી પ્રલોભનોમાં ન ફસાઈએ

* પીડા નહીં - લાભ નહીં

- બન્ને તીવ્ર પુરુષાર્થ - ઉલ્લસિત વીર્ય - આપની કૃપાથી

* ગુરુ

- બહુશ્રુત - સુસજ્જ - વિષયની પકડ
- ન ગુપચાવે / દોડાવે
  સુંદર રીતે પોતાની વાત રજૂ કરે
- શિષ્યની આંતરિક સ્થિતિ પ્રત્યે સંવેદનશીલ
  અવરોધો જાણે - દૂર કરે

શિષ્ય

- ઈન્ટેનશન / અટેન્શન / અફેક્શન
- નિષ્ઠાવાન - પુનરાવર્તન કરીને આવે - હોમવર્ક કરે
- એકાગ્રતા અને ગ્રહણશીલતા

## તેજસ્વિ નાવધીતમસ્તુ

* તેજસ્વિ (તેજોમયી) નૌ (બન્ને)
અધીતમસ્તુ (ભણેલી વિદ્યા)
અભ્યાસ તેજસ્વી બને (સૂર્ય જેવો)

* લક્ષ્યને વેધનારી, સિદ્ધ કરનારી થાઓ / લક્ષપૂર્વક થાઓ
આત્મસાક્ષાત્કારરૂપે પરિણમે

* મનન - નિદિધ્યાસનયુક્ત બની
નિજાનંદની પ્રાપ્તિ થાઓ

* વિદ્યા શંકામુક્ત - શ્રદ્ધાયુક્ત બને
અર્થ સ્પષ્ટ કરે

સુરક્ષિત રહે - ક્ષતિમુક્ત રહે - નિર્મળ રહે

* વિસ્મરણ ન થાય - યોગ્ય સમયે ઉપસ્થિત
ઉપયોગી બને જરૂર પડે ત્યારે હાજર

જેથી ચિત્ત વિષયોમાં ન ભટકે,
ન ફંટાય - ન આમતેમ

* જ્ઞાન બને
તેજસ્વી - પ્રકાશક - દેદીપ્યમાન

a) ગુરુ-જ્ઞાનમાં શ્રદ્ધા
b) એકાગ્રતાપૂર્વક શ્રવણ (મુખ્ય સંદેશ પર લક્ષ,
દૃષ્ટાંતો / કથાઓ / વક્તૃત્વકળા પર નહીં)
c) ગ્રહણ અને સ્મરણ
d) ધારણ અને અવલોકન
e) નિઃશંક જ્ઞાન પ્રતીતિમાં પલટાય
f) અમલ / પ્રયોગમાં દૃઢતા
g) સાવધાની - જાગૃતિ
h) સ્પષ્ટતા નિર્ણય લેવામાં - સરળતા અમલીકરણમાં - પરિણામે શાંતિ
i) શાંતિ - સુસંવાદિતા - મધુર વ્યક્તિત્વ
j) રૂપાંતરણ લાવે - દા.ત. કૉફીમાં સાકર ભળે

| મા વિદ્વિષાવહૈ | ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ |
|---|---|
| * મા (કદી નહીં)<br>વિદ્વિષાવહૈ (અંદરો અંદર દ્વેષ ન કરીએ)<br>આપણે દ્વેષ / ઝઘડો / દલીલ એકબીજાની સાથે ન કરીએ<br><br>* સામાન્યપણે ગુરુશિષ્યના સ્નેહસંબંધમાં<br>તિરાડ / તકરાર સંભવે નહીં દા.ત. રામદાસ શિવાજી<br>* તો પછી આવું કેમ - કેટલાંક કારણો :<br>a) પ્રમાદ - ઠપકો - અપરિપક્વને દ્વેષ<br>b) સ્વચ્છંદતા - વિનય અભાવે - દ્વેષ<br>c) ઘમંડ - સ્પર્ધાભાવ - વધુ જાણું છું<br>d) પક્ષપાતી - ઉત્તમ અધિકારીને સમીપ / સન્મુખ<br>ત્યારે મંદ અધિકારીને - પક્ષપાતી - દ્વેષ<br>e) અપાત્રતાના કારણે સંદેહ / શંકા - દ્વેષ<br>* પ્રાચીન સમયમાં પણ આવું થતું હોવું જોઈએ<br>- તેથી આવી પ્રાર્થના<br><br>* દા.ત. સૂર્ય - સાગર પાણી - ઉપર ચઢાવે વાદળાં<br>- તેમ ગુરુ કષ્ટ / દુઃખ / તાપ સહન કરી<br>- નિઃસ્વાર્થભાવે વિદ્યાનું દાન<br>- લક્ષ શિષ્યનો વિકાસ - શિષ્ય સમૃદ્ધ થાય<br>- ટકોર વખતે દુઃખ / દ્વેષની સંભાવના<br>* શક્ય તો જ જો પરસ્પર<br>પ્રેમ - સ્નેહ - શ્રદ્ધા - વિનય ઓછાં હોય<br>તર્ક - શંકા - અહંકાર = દ્વેષ = વિનાશ<br>દુર્ગતિ પ્રાપ્ત<br>* ઉપેક્ષા - અવિનય - વિરોધભાવ ન રહે<br>કોઈ પ્રત્યે - ઉપકારી પ્રત્યે ખાસ નહીં<br><br>* અમારી વચ્ચે કોઈ ખરાબ લાગણી ન હોય<br>ઝઘડો - સંઘર્ષ - દલીલ - ગેરસમજ - દ્વેષ<br>* લાંબા ગાળાના સંબંધો - ટકાવવા મુશ્કેલ<br>- ગુરુએ ન ગુમાવવાં = પ્રેમ, શ્રદ્ધા, કરુણા, ધીરજ<br>- શિષ્યે ન ગુમાવવી = દૃઢ પ્રતીતિ કે<br>તેઓ મને પ્રેમ કરે છે<br>માનસિક દૂરી ન થાય<br>ભક્તિ ટકી રહે<br><br>* સાચું નહીં - સારું સાંભળવું હોય - અહં<br>દા.ત. જીપીએસ - સારી રીતે ફરી માર્ગદર્શન<br>- જો - કઠોર તોપણ દા.ત. કરોડનો ચેક - ખરાબ કવર<br>* સૌથી મોટું દુર્ભાગ્ય - વાતચીત બંધ<br>* ૨ ભય - વિકાસ રૂંધે / કરાવે<br>ભય ત્યાં પ્રેમ કરવો નહીં - પ્રેમ ત્યાં ભય રાખવો | * ૩ વાર શાંતિ કારણ કે<br>૩ પ્રકારની અશાંતિ<br>a) આધિદૈવિક<br>- વૈશ્વિક પરિબળો - બાહ્ય પરિબળો<br>કુદરતી કારણો<br>- તમારા નિયંત્રણમાં નહીં દા.ત. કોવિડ, ધરતીકંપ<br>b) આધિભૌતિક<br>- બાહ્ય પરિબળો પરંતુ<br>- કેટલુંક તમારા નિયંત્રણમાં દા.ત. અન્ય વ્યક્તિ<br>સાસુ પુત્ર<br>દા.ત. શરીર<br>c) આધ્યાત્મિક<br>- આંતરિક પરિબળો<br>- તમારા નિયંત્રણમાં દા.ત. મનોદશા<br><br>* ગમે તેટલી વાર કહી શકાય<br>તમારી સર્વ પ્રકારની અશાંતિ માટે!!<br>* મન-વચન-કાયા તન-મન-ધન<br>આધિ-વ્યાધિ-ઉપાધિ |

## પ્રવચન-૩ તા. ૧૬-૪-૨૨ સવાર

### શ્લોક - ૧

#### પ્રસ્તાવના

* આખ્યાયિકા - ઐતિહાસિક નથી

૧) ઐતિહાસિક નહીં - કોઈ સમયે / સ્થળમાં બનેલું નહીં
- માત્ર સંવાદ કથા - ઊંડા આધ્યાત્મિક
સંદેશ સાથે

૨) બ્રહ્મવિદ્યાનો મહિમા - અધિકારી સાધકનાં લક્ષણો
૩) આ વલ્લીમાં કથા - બોધ આના પછી
જેમ દા.ત. ભગવદ્ ગીતા

* હ વૈ = અવ્યય છે. અર્થ -

૧) એક વખત - ઘણા સમય પહેલાં
૨) પુરાણ = લાંબું વર્ણન હોય
ઉપનિષદ = સીધું શરૂ થાય

* વાજશ્રવસઃ = વજશ્રવસનો પુત્ર

૧) વાજ (અન્ન) શ્રવ (યશ, પ્રખ્યાતિ)
અનાજ / અન્ન આપવા માટે પ્રખ્યાત
૨) વાજશ્રવા - ગૌતમ - ઉદ્દાલક - આરુણિ

* વિશ્વજીત નામના મહાન યજ્ઞનું આયોજન

૧) જેના અંતમાં પોતાનું સર્વસ્વ દાનમાં અર્પણ
૨) વૈદિક યુગમાં ગૌદાન શ્રેષ્ઠ ગણાતું
૩) ઉત્તમ ગાયો પુત્ર માટે બચાવી રાખી
કનિષ્ઠ ગાયો દાનમાં - પુત્રમોહના કારણે
અદેય ગાયનું દાન

* ઉશન = કોઈ ઈચ્છાથી થતું કર્મ

૧) નિદાન, નિયાણું, ઈચ્છા, સકામ
૨) કામ્યકર્મ - સ્વર્ગનાં સુખો પ્રાપ્ત કરવા
- નિષ્કામ કર્મ - બ્રહ્મજ્ઞાન માટે ચિત્તશુદ્ધિ
૩) અસંભવ આધ્યાત્મિક પ્રગતિ - જો સાંસારિક ઈચ્છા

* સર્વનો ત્યાગ - ઈચ્છારહિતપણું દર્શાવે
પણ તેણે કરી - સાંસારિક સ્વર્ગીય સુખોની ઈચ્છા

૧) કર્મ કરવાં - કર્મફળ ત્યાગ
- ફળાસક્તિરહિત નહીં તો
૨) આત્મજ્ઞાનમાં બાધક / નહીં સહાયક
મોક્ષાર્થે નહીં - સ્વર્ગ અર્થે

#### સકામ કર્મ

* ધર્મના નામે પણ સંસારકામના પૂરી કરે

૧) વિશ્વજીત - વિશ્વને જીતી લઉં - દા.ત. નેપોલિયન
સિકંદર
- માલિક થાઉં - તો ત્યાગ પણ વ્યર્થ
૨) ભોગ માટે થયેલો ત્યાગ દા.ત. પાર્ટી માટે ભૂખ્યા રહેવું
૩) દા.ત. આ વેપાર / સોદો છે - ધર્મ નથી
૪) દા.ત. બજારમાં ખરીદવા - ખિસ્સું ખાલી ભરવા માટે

* સાચો ત્યાગ / દાન સાંસારિક પ્રાપ્તિ માટે નહીં

૧) શરતો કે માંગ નહીં
૨) દાન દંભ છે - ધર્મ નથી
૩) દા.ત. માત્ર રોકાણ - ઊંચા વળતર માટે

* પરમાત્મા ખરીદી ન શકાય
- ચિત્તશુદ્ધિ દ્વારા શોધ

* વાજશ્રવસ - કુલીન છે, પ્રસિદ્ધ છે
બુદ્ધિમાન છે - પંડિત છે - દાની છે

૧) પરંતુ જ્ઞાની / સાધક નથી
૨) અંતરાત્મા જાગ્યો નથી
૩) મેળવવા માટે આપવું
૪) સ્વર્ગનો લોભ - પુત્રનો મોહ

* પંગુવિચારણા = સ્વર્ગ કામના
અંધનિર્ણય = કનિષ્ઠ ગાયો

૧) સ્વર્ગલોભ ૨) પુત્રરાગ = લોભી, રાગી
૩) યાંત્રિકપણે - શાસ્ત્ર આશય અનુસાર નહીં

* એક પુત્ર હતો - નામ નચિકેતા

૧) વૈરાગ્યવાન - બુદ્ધિમાન - ચતુર - વીર
૨) ધર્મ - શાસ્ત્ર આદેશોમાં નિષ્ઠાવાન
૩) પૂર્વસંસ્કારી જીવ હતો
૪) વયમાં નાનો - વિચારણામાં મોટો
- શું કરો એ મહત્ત્વનું નથી
- કેમ કરો એ મહત્ત્વનું

* એક વાક્યમાં - ૩ પેઢીઓ

૧) વજશ્રવસ - વાજશ્રવસ - નચિકેતા
૨) ઉચ્ચ કુટુંબ - ઉદાર - દાનવીર

## શ્લોક - ૨

### નચિકેતાને ચિંતા

* નચિકેતા એક કુમાર હતો

    ૧) ૧-૫ (બાળક) ૬-૧૨ (કુમાર)
    ૧૩-૧૯ (ટીનેજર), યંગ ઍડલ્ટ, ઍડલ્ટ
    ૨) નચિકેતા ૭-૧૦ વર્ષનો હશે
    ૩) તરુણાવસ્થામાં પહોંચ્યો નથી
    - પ્રજનન માટે અસમર્થ

* વયમાં નાનો - છતાં જ્ઞાનવૃદ્ધ

    ૧) શ્રદ્ધાયુક્ત - દાન માટે શાસ્ત્ર આદેશ
    ૨) નિરીક્ષક - અદેય ગાયોનું દાન
    ૩) કર્તવ્યપરાયણ - પિતૃભક્ત - આ દોષથી બચાવવા

---

* શ્રદ્ધાયુક્ત એટલે નિરીક્ષણથી વિચારો જાગ્યા

    ૧) શ્રદ્ધા વિચારો જાગ્યા - આ સાચું છે?
    ૨) વિચારો / ગૌદાન જોતાં ચિંતા
    ૩) અવલોકનથી પ્રશ્નો ઉદ્ભવ્યા

* જ્યારે કનિષ્ઠ ગાયોનું દાન ત્યારે નચિકેતા

    ૧) વિચારમગ્ન થયો - દોષયુક્ત ભાસ્યું
    ૨) પિતાના કૃત્યથી શોકાતુર થયો
    ૩) નિવારણ અર્થે શું કરવું - વિચારવા લાગ્યો
    ૪) મારું પુત્રકર્તવ્ય શું છે - અટકાવવું જોઈએ
    બચાવવા જોઈએ

---

* આપણે આપીએ - જીર્ણ / શીર્ણ - વાપરવા માંગતા નથી

    ૧) દા.ત. વસ્ત્ર, પાપડ = વાપરવાને અયોગ્ય, ફાટી, ફૂગ
    ૨) દા.ત. પસ્તી, કપડાં = સામે પૈસા, વાસણ
    ૩) દા.ત. છત્રી, અનાજ = ખામીવાળી, કાણાં, સડેલું
    ૪) દા.ત. પૂજામાં હલકાં ફળ - પોતા માટે સારાં

* નચિકેતા જાણતો હતો - દાન આવું હોવું જોઈએ

    ૧) ઉપયોગી - યથાર્થ - સાત્ત્વિક - શ્રેષ્ઠ -
    હેતુસભર - શ્રદ્ધાયુક્ત - ભાવના સહિત
    ૨) સુપાત્રને
    ૩) ઈરાદો / નમ્રતા - શ્રેષ્ઠ / નિર્લેપ - લાભદાયી / શ્રદ્ધાયુક્ત

### બાળકની નિર્દોષતા

* પરિપક્વતા - પુખ્તાવસ્થા વચ્ચેનો તફાવત

    ૧) પુખ્તાવસ્થા વય સાથે આવે
    ૨) પરિપક્વતા વિશુદ્ધ અંતઃકરણમાંથી આવે

* બાળકો સરળ અને નિર્દોષ

    ૧) સાચા - પારદર્શી - કોરું હૃદય
    ૨) ન ગણતરી - ચાલાકી - છુપાવવું

* વિશ્વ (માતા-પિતા, મિત્રો, શિક્ષકો, યુનિવર્સિટી)

    ૧) હોશિયાર / ચાલાક કેવી રીતે બનવું
    ૨) દા.ત. કોરા હૃદય પર ડાઘ - હોશિયાર બનાવવા
    સમજદારી વધારે - ગુણો, મૂલ્યો નહીં

* મોટા થવામાં આપણે નિર્દોષતા

    ૧) નિર્દોષતા વહેંચીએ છીએ - આપણી નિર્દોષતા ગુમાવીએ
    ૨) બાળક માટે જે મૂલ્યવાન - મોટા માટે - જુદું

* <u>કબીર</u> - જ્યૂં કિ ત્યૂં ધર દીની ચદરિયા

    ૧) બચપન પાછું સોંપી દીધું
    ૨) ડાઘ વિના - નિર્દોષતા જાળવી

* <u>ઈશુ ખ્રિસ્ત</u> - બાળક જેવી નિર્દોષતા હોય તો જ પ્રવેશ

    ૧) સાધક પાસે વય + નિર્દોષતા
    ૨) સમજદારી + સંસ્કાર (શિક્ષિત - દીક્ષિત)

* <u>ખ્રિસ્તી</u> સંપ્રદાય - કોપય

    ૧) દરેક અઠવાડિયે દાન - સૌથી વધુ ગમે તેનું
    ૨) અભ્યાસ દાન અને વૈરાગ્યનો

---

* પિતા = ઘણી બુદ્ધિ - શુદ્ધિ નહીં
  પુત્ર = ઓછી બુદ્ધિ - શુદ્ધિ સરળ નિર્દોષ

* નચિકેતા જે જોઈ શકે - પિતા નહીં

    ૧) મુમુક્ષુતાના અભાવે
    ૨) બુદ્ધિ જંગ ખાઈ ગઈ - રાગ, લોભ, અહંકાર

* પિતાનું શ્રેય ઇચ્છનારો તેથી

    ૧) ચિંતિત - બચાવવા - કલ્યાણ માટે શું કરવું
    ૨) તેની પિતૃભક્તિ - કર્તવ્યપરાયણતા - દેખાય

## શ્લોક - ૩

### ગાયોનું વર્ણન

* ગાયોનું કરુણ ચિત્ર

  ગાયોનું વર્ણન - દાનમાં આપેલી

* પીતોદકા

  ૧) જઈને છેલ્લું પાણી પી લીધું છે
  ૨) મૃતપ્રાય - ચાલીને પી શકવાની શક્તિ રહી નથી
  ૩) પાંજરાપોળમાં આપવી જોઈએ, દાનમાં નહીં

* જગ્ધતૃણાઃ

  ૧) દાંતના અભાવે ચારો ચાવી શકતી નથી
  ૨) દાંત નથી તેથી વધુ ઘાસ ખાઈ ચાવી શકે
  એમ નથી - છેલ્લી વાર ખાઈ લીધું
  ૩) સંપત્તિ કહેવાય કે વિપત્તિ / આપત્તિ, દાનમાં નહીં

* દુગ્ધદોહાઃ

  ૧) બધું દૂધ આપી દીધું, હવે દૂધ નહીં આપે
  ૨) છેલ્લી વાર દૂધ દોહવાઈ ચૂક્યું છે
  ફરી દૂધ આપી ન શકે એવી છે
  ૩) આવી ગાયોને મફતમાં ચારો
  ખવડાવે કોણ - દાનમાં નહીં

* નિરિન્દ્રિયાઃ

  ૧) વાંઝણી - હવે વાછરડાં નહીં જણે
  ૨) પ્રજનનશક્તિ ખોઈ બેઠી છે
  ગર્ભ ધારણ કરી શકે એમ નથી
  ૩) ગાય (દૂધ) બળદ (ખેતી) પેદા ન કરી શકે
  તો શું કામની - દાનમાં નહીં

### અનંદા લોકની પ્રાપ્તિ

* વાછરડાં નહીં - દૂધ નહીં
  ઘાસ નહીં (તેથી છાણ નહીં)
  પાણી નહીં (તેથી ગોમૂત્ર નહીં)

  ૧) તદ્દન નિરર્થક - નકામી - નિરુપયોગી
  ૨) વૃદ્ધ - સત્ત્વહીન - લંગડી - માયકાંગલી

* સ્વાર્થી - મોહાંધ જ આવું દાન કરે

  મૂર્ખ જ તેને સ્વીકારે

* આવું દાન કેમ લે?

  બ્રાહ્મણે જે પણ દાનમાં અપાય તેને પ્રસાદ(બુદ્ધિ)રૂપે
  સ્વીકારવું પડે

* અનુપયોગી - જેને મળે તેને ભારરૂપ
  ન ખાઈ / પી શકે - ન વાછરડાં / દૂધ આપી શકે

  ૧) સમૃદ્ધ હતો - પણ કપટી
  ૨) ભારમુક્ત થવા - દાનરૂપે નિકાલ કર્યો
  ૩) પાપકૃત્ય - શોષણ, અસંવેદનશીલ
  ભગવાન / શાસ્ત્ર આદેશનું વિસ્મરણ

* પવિત્ર દાન ન હોવાથી - શાસ્ત્રોક્ત ન હોવાથી
  અદેય / હીન દાનથી

  ૧) ન પુણ્ય - ન સ્વર્ગ
  ૨) જશે અનંદાલોક - સુખશૂન્ય - આનંદવિહોણો લોક
  ૩) અર્થ નરક પણ થાય

* નચિકેતાના પિતા કપટી

  ૧) છટકબારી = પુત્ર મારો નહીં
  - સારી ગાયો પુત્ર માટે રાખે
  - મારી બધી દાનમાં આપું

  ૨) તાત્ત્વિક રીતે સાચું = સ્વર્ગ મળે
  - લક્ષ ખોટો = અનંદાલોક મળે

* કૃત્ય મહત્ત્વનું નહીં

  લક્ષ મહત્ત્વનો

## શ્લોક - ૪

### નચિકેતાની વિચારણા

* પિતા દાન - પણ પુત્રમોહમાં અંધ

૧) દા.ત. ધૃતરાષ્ટ્રની જેમ - અનધિકારી -
સ્વર્ગ બ્રહ્મજ્ઞાન
૨) ભાવોમાં ગૂંચવણ
- પુત્ર મારો નથી તેથી દાન નહીં - પુત્ર મારો છે તેથી મૃત્યુને દાન
૩) અતિ સ્નેહ ત્યાં જ ક્રોધ સહજ જન્મે

* નચિકેતા

૧) શાસ્ત્રમાં નિપુણ - બુદ્ધિશાળી - તેજસ્વી બાળક
૨) નિરીક્ષક - જાગૃતિ - સમજદાર
૩) ભાન - તેમને સ્વર્ગમાં નહીં પરંતુ નરકે લઈ જશે
૪) તેમને પાપકૃત્યથી બચાવવા એ કર્તવ્ય

* તેના પિતાને બચાવવાની ઈચ્છા -

૧) અનિષ્ટ કર્મ - અનિષ્ટ ફળ
૨) પરલોક બગડે = અનંદાલોક પ્રાપ્તિ
- આ લોકમાં અપકીર્તિ = નિંદા
૩) જવાબદારી માને / તેમને અટકાવવા એ કર્તવ્ય

* સત્ય બોલવાનું સત્ત્વ હતું

૧) હિંમત - સીધું - સુગરકોટિંગ નહીં
૨) તેમને યાદ કરાવવું એ કર્તવ્ય - પણ ઉતારી પાડવા નહીં
૩) સત્ય સભ્ય રીતે કહેવું
૪) સત્ય સાથે ઘણા ગુણો દેખાવા જોઈએ
૫) સત્ય પ્રગટ કરતા સાવધાની -
નહીં તો દુઃખ - અહં ઘવાય

* યુક્તિ સૂઝી

૧) હું પુત્ર છું - પુત્રધન - તેથી તેમની સંપત્તિ
૨) જો બધું દાન - મને પણ
૩) જો મને દાનમાં - ગાયો રાખવાની જરૂર નહીં
૪) તેમને શ્રેષ્ઠ દાન આપશે
૫) આ લોક - પરલોક ન બગડે
૬) મારું બલિદાન છતાં - તેઓ નરકે નહીં જાય
- દા.ત. રશિયા - જાપાન

### મૃત્યુને આપ્યો

* તેમના માટે પોતાના બલિદાનની તૈયારી

૧) અપૂર્ણતા તરફ લક્ષ નહીં - પરંતુ સહાય
નિઃસ્વાર્થ પ્રેમ - પિતાનું હિત વિચારે
૨) નિઃસ્વાર્થ પ્રેમ - પ્રેમ આમ છતાં ...
સ્વાર્થી પ્રેમ - પ્રેમ આ કારણે ...
૩) શરતી માલિકીભાવ - સ્વાર્થી પ્રેમ બલિદાનની તૈયારી નહીં

* તેમને પૂછ્યું - તમે મને કોને આપશો?

૧) તેમને ૩ વાર પૂછ્યું - આગ્રહ
- નચિકેતાની દૃઢતા દર્શાવે
૨) ૨ વખત ઉપેક્ષા - અવગણના = કારણ કે વ્યસ્ત
- ત્રીજી વાર નારાજ - ગુસ્સે - કારણ કે વિઘ્ન કરે
૩) તેથી ક્રોધમાં કહ્યું - હું તને મરણને આપું છું
- જેમ આપણે કહીએ - નરકમાં જા

* પિતા શાસ્ત્રવિરુદ્ધ - તેથી નચિકેતાએ પોતાનું કર્તવ્ય કર્યું

૧) પિતા ન જોઈ શક્યા - ઈરાદો - આત્મનિરીક્ષણ નહીં
૨) અહંકાર ઘવાયો - ક્રોધનો આવેશ - તેને શાપ આપ્યો
૩) તેઓ પંડિત હતા - જ્ઞાની / સંત નહીં
૪) સાવધાન કર્યા - સ્વીકારી શક્યા નહીં

* પિતાઓને પુત્ર પ્રત્યે માલિકીભાવ હોય

૧) કારણ કે જન્મ આપ્યો - મૃત્યુ આપવાનો અધિકાર
૨) પોતે જે કંઈ પણ કરે તેમાં તે સમ્મત થાય તેવી ઈચ્છા
દા.ત. દિવસ કહે તો દિવસ - રાત તો રાત
૩) સ્વતંત્ર વિચારણા ન ગમે,
તેમના વિકાસની ઈચ્છા

* સંતાનો પાસેથી સલાહ લઈ શકતા નથી

૧) ઉંમર - સમજદારી પર્યાયવાચી છે એમ માને
૨) દા.ત. સંતાનને મારે - કારણ કે નાનાં - તેઓ શીખે
જલદી મોટા થવું જેથી મારી શકે
૩) તેમાં સત્ય જોઈ શકે
- દા.ત. જૂઠ બોલે તો હસે - સત્ય તો ક્રોધ!!

* જો કે નચિકેતાએ કહ્યું -

૧) નમ્રતાપૂર્વક - આદરપૂર્વક - અપમાન કર્યા વગર
૨) પિતાથી સહન ન થયું - ક્રોધમાં તેને શાપ આપ્યો
૩) પુત્ર કૃત્યથી વ્યાકુળ - પિતા પુત્રથી વ્યાકુળ

## પ્રવચન-૪ તા. ૧૬-૪-૨૨ બપોર

### શ્લોક - ૫

### નચિકેતાનું આત્મનિરીક્ષણ

* નચિકેતાનો પ્રતિભાવ - તેના વિચારો
  જ્યારે પિતાએ તેને શાપ આપ્યો

* કેમ પિતાએ - મૃત્યુને
  ૧) અમુકમાં હું સારો, અમુકમાં મધ્યમ - પરંતુ
     નિમ્ન કક્ષાનો નથી
  ૨) શિષ્ટાચારમાં હું પ્રથમ કક્ષાનો
     ધર્માચરણમાં હું મધ્યમ છું
     દા.ત. શાલ - કાણાંવાળી
  ૩) પરંતુ કનિષ્ઠ બિલકુલ નથી
     તોપણ મૃત્યુને - શા માટે?
     મૃત્યવે ત્વા દદામિ

* ગમે તે કારણ હોય - આજ્ઞા પાળીશ
  ૧) એ જ મારું કર્તવ્ય છે
  ૨) મારા માટે હિતકારી જ હશે
  ૩) હું પુત્ર અને શિષ્ય (પિતા - ગુરુ)
  ૪) ઉલ્લંઘન કે વિનંતી નહીં - સમર્પિત

* ભલે કષ્ટ પણ ભક્તિ નષ્ટ ન થવી જોઈએ
  ૧) દા.ત. રામ વનવાસ - કૈકયી દશરથ
  ૨) મારે પણ આજ્ઞાપાલન કરવું જોઈએ
  ૩) ક્રોધિત / ફરિયાદી / ઉદાસ / ભયભીત / દોષારોપણ /
     સંઘર્ષી નહીં
  ૪) તેમની આજ્ઞાની અવગણના - પાલનમાં કટિબદ્ધ

* પ્રાચીન પરંપરામાં - ગુરુ ભગવાનરૂપ
  આધુનિક યુગમાં - સ્વચ્છંદી, શરમ નહીં
  ૧) નચિકેતા ઉત્તમ અધિકારી જીવ હતો
  ૨) તેથી ન ફરિયાદ - ફેરફાર (વિનંતી)

* ઉત્તમ = આજ્ઞા કરે તે પહેલાં ઇચ્છા
  સમજી (આશય) કાર્ય પૂરું કરે
  મધ્યમ = સ્પષ્ટ આદેશ કરે ત્યારે
  કાર્ય કરે
  અધમ = આજ્ઞા કરે તોપણ ન કરે
  ઉલ્લંઘન - ડહાપણ કરે
  અધમાધમ = સ્વાર્થ સાધવા ગુરુને વાપરે
  સેવા વખતે નાસી જાય

### સકારાત્મક રીતે લીધું

* શરૂઆતમાં અશાંત હતો
  ૧) આત્મનિરીક્ષણ શરૂ - શાંતિથી પાછો ખસ્યો
  ૨) ન રીસ કે પ્રતિક્રિયા / દોષારોપણ
  ૩) પોતાનો દોષ જોયો - કેમ પિતાને ક્રોધિત કર્યા
     મારી ભૂલ
  ૪) ન ગુસ્સે કે ભયભીત
  ૫) સકારાત્મક લીધું

* અધાર્મિક - ધાર્મિક - સાધકીય ચિત્ત
  ૧) પરદોષ દેખાય - પ્રતિક્રિયા - ક્રાંતિ નહીં
     મને આવી સજા શા માટે
  ૨) આત્મનિરીક્ષણ કરે - પોતાનો દોષ શોધે
     રૂપાંતરણ થાય
     (સ્વદોષદર્શન ધર્મનો પ્રારંભ)
  ૩) તેમાં ભેટ - વિધેયાત્મક
     ઉત્થાનનો પ્રારંભ (કૃતજ્ઞતા - ધર્મમાં સ્થિરતા)

* સવળું લો દા.ત. સાઈકલ, ટ્રક
  દા.ત. હાથ સૈનિક
  ૧) નિશ્ચિત મને લાભ થવાનો હશે
     - અગત્યના કાર્યમાં નિમિત્ત બનવાનું
     - મૃત્યુને આપ્યો - ગુરુ મૃત્યુ
     - છીનવી લેશે અજ્ઞાન આસક્તિ અહંકાર
       મિટાવી દેશે - બચશે નહીં
     - ૨ અર્થ - મૃત્યુ ગુરુ છે (સામાન્ય)
       ગુરુ મૃત્યુ છે (આધ્યાત્મિક)
  ૨) અચાનક ઘટના - માટે તૈયાર
     - તેની પરિપક્વતા દર્શાવે
  ૩) જો ક્રોધમાં તો ખરાબ ન લગાડવું
     સ્મૃતિ ભ્રષ્ટ - નિર્ણયશક્તિ કુંઠિત - અંધ બને - શા માટે દુઃખ / દ્વેષ
     - પિતા પુત્ર અહિત ન ઇચ્છે - ક્રોધમાં
  ૪) હું શિષ્ય છું - એ મારા ગુરુ
     - ગુરુ ભગવાનરૂપ - પાલન કર્તવ્ય
     - શાપને આશીર્વાદમાં પરિવર્તિત
       દા.ત. દશરથ - તડપશે - છોકરા થયા
     - નચિકેતા - મહાન ગુરુ - બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ

## શ્લોક - ૬

<table>
<tr>
<td>

પિતાને સલાહ

* પિતાનું મુખ - ઉદાસી જોઈ

૧) અપરાધભાવ - ખેદથી ભરપૂર - પશ્ચાત્તાપ<br>
૨) શાસ્ત્ર શરૂ થાય છે વિષાદથી<br>
- દા.ત. ભગવદ્ ગીતા વિષાદયોગ

</td>
<td rowspan="2">

પરવાનગી અને જાય

* નચિકેતાના ચારિત્ર્યનું દર્શન

૧) સત્ય કહે - પોતાના પિતાને અપમાનિત નહીં<br>
દા.ત. અષ્ટાવક્રે પિતાનો દોષ કાઢ્યો પરંતુ<br>
નચિકેતા શિષ્ટાચારને વરેલો હતો<br>
૨) પોતાના પિતાને ખોટા પાડવા નહોતો ઇચ્છતો -<br>
વચન મિથ્યા ન થાય<br>
૩) તેમના હિત માટે બલિદાન આપવા તૈયાર<br>
આજ્ઞાપાલનનો ખેદ નહીં<br>
૪) પોતાના પિતાને સાંત્વના - સવળું લે<br>
પાલન કરવામાં ખુશ<br>
પ્રાણ જાય - પણ ધર્મ ન છૂટવો જોઈએ

</td>
</tr>
<tr>
<td rowspan="2">

* પૂર્વજો જે બોલ્યા તે કર્યું

૧) પરંપરાનું પાલન કરો<br>
- તમારા શબ્દોને અનુસરો - પાછા ન હઠો<br>
૨) પુત્રમોહ છોડી દો<br>
- મને રજા આપો યમલોક જવાની

* પૂર્વ - વર્તમાન મહાપુરુષોનું આ જ લક્ષણ છે

૧) આપ ઋષિ છો - વચનથી ચ્યુત ન થાઓ<br>
ઉચ્ચ મૂલ્યોને વળગી રહો<br>
- બોલેલું વચન મિથ્યા ન જવું જોઈએ<br>
૨) વિચલિત કે શોકયુક્ત થયા વિના<br>
૩) પૂર્વજોએ કર્યું - જે કહ્યું<br>
દા.ત. રામ - પિતા, પાંડવો - માતા

</td>
</tr>
<tr>
<td>

* એવા પ્રશ્નો પૂછશો નહીં જેમ કે -

૧) તે કેવી રીતે ગયો? મૃત્યુ પામીને / સદેહે<br>
૨) એ બિનમહત્ત્વના છે<br>
૩) આધ્યાત્મિક સંદેશ પકડો

</td>
</tr>
<tr>
<td>

* ચિંતા કરશો નહીં - જો હું મૃત્યુ પામું

૧) શરીર તો મરણધર્મા જ છે<br>
૨) મૃત્યુ પામીશ અને ફરી જન્મ લઈશ<br>
૩) તેથી મારા વિયોગ માટે ખેદ ન કરો

* દા.ત. અનાજ જેવું છે

- ઊગે - સડે - પાછું ઊગે<br>
- જન્મ - મરણ - પુનઃજન્મ

* પશ્ચિમ સીધામાં માને<br>
પૂર્વ ચક્રમાં માને

૧) દા.ત. સૂરજ ઊગે - આથમે - પાછો ઊગે<br>
૨) દા.ત. ગરમી - ઠંડી - ગરમી<br>
૩) દા.ત. એક પૈડા જેવું છે (સંસાર ચક્ર છે)

* નચિકેતાએ કહ્યું મૃત્યુ નથી -

૧) અસ્તિત્વનો અંત<br>
૨) તેથી ચિંતા / અપરાધભાવમાં ન જાઓ<br>
૩) શોક ન કરો - રજા આપો

</td>
<td>

* પિતા ખોટા પડે એવું નહોતો ઇચ્છતો

૧) પરંપરા અનુસાર જીવો<br>
૨) જવાની પરવાનગી માંગે<br>
૩) મૃત્યુલોક (તે તૈયાર છે)

* યમલોક પહોંચે

૧) યમ ત્યાં નહીં - યાત્રા પર<br>
૨) ખટખટાવે - પત્ની ખોલે<br>
૩) અન્ન પાણી ધરે<br>
- લેતો નથી - કારણ યમને સોંપ્યો હતો<br>
૪) તેમનાં દર્શન / આજ્ઞા વિના - ન લઈ શકું

* ૩ દિવસ પસાર થયા

૧) દરવાજા પર રાહ જુએ<br>
૨) અન્ન અને પાણી વિના<br>
૩) પ્રતીક્ષા કરે છે<br>
૪) યમ ૩ દિવસ પછી આવે

</td>
</tr>
</table>

## શ્લોક - ૭, ૮

| પત્ની - અતિથિ (૭) | જો અનાદર (૮) |
|---|---|
| * યમ ત્યાં નહીં - યાત્રા પર<br>૧) નચિકેતા = ન નાસ્તો, ન આરામ<br>૨) યમલોક પહોંચ્યો - ૩ દિવસ ઉપવાસ<br>૩) યમલોક = ન્યાયલોક - પાપપુણ્ય નિર્ણય<br>ચિત્રગુપ્ત હિસાબ રાખે - યમ જાહેર કરે<br>ક્યાં? ક્યારે?<br>- નરકલોક = જ્યાં પાપફળ ભોગવવાનું હોય | * શ્લોક દર્શાવે<br>૧) મહિમા બ્રાહ્મણનો - કેવી રીતે આદર - મૂલ્ય નહીં તેથી સેવા<br>૨) જો અનાદર ઉપેક્ષા - હાનિકારક પરિણામ<br>૩) અનાદરનાં પરિણામો - સંત મહાત્મા<br>૪) પત્ની યમને જણાવે - અનિષ્ટ ફળ |
| * જ્યારે યમ આવ્યા - પત્નીએ તેમને જણાવ્યું<br>૧) બ્રાહ્મણ બાળક અતિથિરૂપે આવ્યો<br>- ખાધું નથી - ઉપવાસ - નાસ્તો પીરસો<br>૨) તેઓ અગ્નિ જેવા - પાણી લાવો<br>પાદપક્ષાલન<br>* <u>વૈશ્વાનર</u> = અગ્નિ<br>૧) અગ્નિ : સહાય અથવા બાળે (ગરમી, પ્રકાશ)<br>૨) બ્રાહ્મણ : પ્રસન્ન આશીર્વાદ - નારાજ શાપ<br>૩) દા.ત. બેધારી તલવાર : અન્યને મારે - પોતાને મારે<br>૪) સત્કાર નહીં - અનાદર ઉપેક્ષા - શાપિત કરશે<br>૫) દોષપાત્ર થવું કારણ કે ઉપવાસ - ન આદર ખવડાવ્યું - લઈ જાવ પાણી પાદપક્ષાલન<br>- શાંત પાડવાનો પ્રયાસ<br>* <u>બ્રાહ્મણ</u><br>૧) આધ્યાત્મિક વિકાસ પામેલ આત્મા<br>- બ્રહ્મજ્ઞ - બ્રહ્મનિષ્ઠ - અનાસક્ત કર્મયોગી<br>- વૈરાગી - તપસ્વી - સાધના, પ્રભાવના<br>૨) મૂલ્ય ન લે - દાન અપાય - આદર / સહાય રહેઠાણ - ભોજન<br>૩) જન્મે બ્રાહ્મણ નહીં - દશાથી બ્રાહ્મણ - માત્ર જન્મે અનાદર શાપ આપશે - તપસ્વી તેથી લબ્ધિ<br>* <u>અતિથિ</u><br>૧) ભારતીય સંસ્કૃતિ - અતિથિ સત્કારનું મહત્ત્વ<br>૨) અતિથિ દેવો ભવ - મહેમાનને ભગવાનરૂપ ગણવા<br>૩) અ + તિથિ = જાણ કર્યા વગર આવે<br>- તિથિ વિના - અચાનક આવી પહોંચે<br>૪) પ્રાચીન સમય - વાહન - ન સંપર્ક<br>૫) સતિથિ - હવે અગાઉથી નક્કી કરીને | * a) <u>આશા</u> (ઉમેદનો નાશ)<br>૧) અજ્ઞાત ફળની આશા નષ્ટ થશે<br>૨) કંઈ પણ સારાની આશા નહીં<br>* b) <u>પ્રતીક્ષે</u> (અપેક્ષાઓ અપૂર્ણ)<br>૧) જ્ઞાતફળની પ્રતીક્ષા નિષ્ફળ જશે<br>૨) સ્વર્ગ - ભૌતિક સંપત્તિ - સંબંધો આદિ<br>* c) <u>સંગતમ્</u> (સત્સંગ - સજ્જનની સંગતિનું ફળ)<br>૧) સત્સંગનું પુણ્યફળ નષ્ટ થશે<br>૨) પુણ્ય - સંસ્કાર બધું નષ્ટ<br>* d) <u>સૂનૃતામ્</u> (મધુર વાણીનું ફળ)<br>૧) વાણીનું સામર્થ્ય સદ્ભાવ, સુખ, સુમેળ, પ્રતિષ્ઠા આપે<br>૨) પ્રિય ભાષણથી પ્રાપ્ત થયેલ પ્રતિષ્ઠા નષ્ટ થશે<br>* e) <u>ઈષ્ટાપૂર્તે</u> (દાનાદિ કાર્યોનાં લાભકારક પરિણામો)<br>૧) વ્યક્તિગત કે સામાજિક બધાં સારાં કાર્યો<br>૨) યજ્ઞયાગ, દાનાદિનું ફળ<br>૩) કૂવા - તળાવ - વાવ - ધર્મશાળા - મંદિર - અન્નદાન આદિ સેવાનું પુણ્યફળ નાશ<br>* f) <u>પુત્રપશૂન્</u> (સંપત્તિનો નાશ)<br>૧) પુત્ર, પશુ સંપત્તિમાં ગણવામાં આવે<br>૨) પ્રાચીન સમયમાં - બધું નષ્ટ થશે<br><br>* નિષ્કર્ષ<br>૧) માટે અતિથિ / સંત - ઉપેક્ષા ન કરવી<br>૨) આદર-સત્કાર કરી પ્રસન્ન કરી<br>૩) પ્રેમ - અનુગ્રહ - આશિષ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ |

## શ્લોક - ૯

<table>
<tr><th>યમ વરદાન</th><th>નચિકેતાના જવાનું રહસ્ય</th></tr>
<tr><td>* હવે યમ કહે -<br>૧) તમે બ્રાહ્મણ છો<br>આદર અને પૂજાને પાત્ર (અધિકારી) છો<br>૨) લજ્જાનો અનુભવ કારણ કે ઘરે જમ્યા વગર રહ્યા<br>૩) શાપ(આશાતના)નો ભય</td><td rowspan="3">* હંમેશા - મૃત્યુ તમારી પાસે આવે<br>અહીં - નચિકેતા મૃત્યુ પાસે જાય<br>મૃત્યુ ખટખટાવે - નચિકેતા ખટખટાવે<br>મૃત્યુ આવે - નચિકેતા જાય<br>* જે મૃત્યુ માટે તૈયાર<br>તેને પુરસ્કાર - સન્માન - વરદાન અપાય<br>* જ્યારે તમે મૃત્યુ માટે તૈયાર<br>મૃત્યુ મળતું નથી<br>ત્યાં મૃત્યુ નથી<br>* લોકો હજાર વાર મરે - મૃત્યુના ભયથી<br>સાધક તૈયાર - ભાન - છે જ નહીં<br>* ભાન - તે માત્ર એક ભ્રમ<br>દા.ત. દોરીમાં સાપ - પરસેવો<br>દોરી તરીકે જોતાં - બિલકુલ ભય નહીં</td></tr>
<tr><td>* તમે વંદનીય - પૂજનીય છો<br>૧) તમને નમસ્કાર - કારણ કે નમન યોગ્ય<br>૨) મને આશિષ આપો - મારું કલ્યાણ થાઓ<br>૩) ભૂલની ક્ષમા આપો</td></tr>
<tr><td>* પ્રાયશ્ચિત્તરૂપે - ૩ વરદાન<br>તપના બદલે ૩ વરદાન માંગો<br>૧) યમ ભયાનક લાગે - પણ અહીં -<br>પશ્ચાત્તાપ દેખાય<br>૨) કષ્ટ માટે કૃપા કરી મને ક્ષમા કરો<br>૩ વરદાન માંગો<br>૩) અપરાધભાવનો અનુભવ - ભૂલ સુધારવા -<br>૩ વરદાન આપ્યાં<br>૪) દેવો વરદાન આપી શકે<br>* આશ્ચર્ય - આદર - પશ્ચાત્તાપ<br>તેથી ૩ વરદાન આપ્યાં</td></tr>
</table>

## પ્રવચન-૫ તા. ૧૭-૪-૨૨ સવાર

શ્લોક - ૧૦

### પહેલું વરદાન - પિતૃ પરિતોષ

* ત્રણ વરદાન આપવામાં આવ્યાં :-

૧) કૌટુંબિક સુખ = આ લોક
૨) સામાજિક કલ્યાણ = પરલોક
૩) તેને આત્મજ્ઞાન / મોક્ષ = અલૌકિક

### એકમાં ૫ વરદાન

૧) ત્વત્ પ્રસૃષ્ટમ્ = પાછા મોકલો ત્યારે

૧) જ્યારે તમે મને પાછો મોકલો
૨) ધારણા કે મને મોકલશે
૩) જાણે કે તેને અવશ્ય મુક્ત કરશે
૪) સંબંધોની પુનઃસ્થાપના જોવાની ઇચ્છા

૨) શાંત સંકલ્પઃ સુમના શાંત દયાળ

૧) શાંત - પ્રસન્ન - સંકલ્પશૂન્ય - વિક્ષેપશૂન્ય
૨) શાંત મનવાળા જ સુખી હોય
૩) સંકલ્પોનો ટ્રાફિક હવે ન હોય
૪) અશાંત - મૂંઝવણમાં હતા
૫) પુત્રમોહ / દાન છેતરામણી - શાપ / અપરાધભાવ = સર્વ વિકલ્પોથી મુક્ત

૩) વિતમન્યુઃ - ક્રોધરહિત

૧) મેં બધું ઉત્તેજિત કર્યું
૨) હવે ન ક્રોધ કે અપરાધભાવ / ખેદ
૩) ઉદ્વેગમુક્ત - નારાજ નહીં
૪) શાંત - સ્વસ્થ - સ્થિર

૪) પ્રતીત - મને ઓળખે

૧) મને ભૂત ન ગણે
૨) ઓળખે
૩) સ્વસ્થ હોય - શારીરિક, માનસિક
૪) શારીરિક - આંખમાં મોતિયો આદિ વિઘ્ન
૫) માનસિક - અશાંત નહીં

૫) અભિવદેત્ - આવકારે

૧) પહેલાંની જેમ મને સ્વીકારે
૨) પ્રેમ કરે - સ્નેહ દર્શાવે
૩) પુત્રમિલનનો આનંદ હોય
૪) મને પહેલાંની જેમ પ્રેમ કરે
૫) મારી સાથે વાત કરે

* મારું પહેલું વરદાન

૧) મને પાછો મોકલો ત્યારે
૨) પિતા શાંત હોય
૩) મારા પ્રત્યેના ક્રોધથી મુક્ત
૪) ઓળખે
૫) આવકારે - વાત્સલ્યપૂર્ણ

* કેટલો ચતુર
એક વરદાનમાં અનેક વરદાન

દા.ત. આના જેવી માંગણી
૧) હું મારા પ્રપૌત્રોને ખવડાવતાં જોઉં
૨) સોનાની થાળીમાં સોનાની ચમચીથી ભોજન
૩) ભવ્ય હવેલીના ૭મા માળે
૪) માંગણી - સ્વસ્થ લાંબું આયુષ્ય - કુટુંબ, પ્રપૌત્રો - સંપત્તિ - હવેલી - પ્રેમ, સુમેળ

* નચિકેતાનું ચારિત્ર્ય

૧) યમનો પ્રેમ જીત્યો
પ્રતીક્ષા - ઉપવાસ - વિનય - ભક્તિ દ્વારા

૨) કોઈ ઐહિક / સ્વર્ગીય ન ઇચ્છ્યું
વિતૈષણા - પુત્રૈષણા - લોકૈષણારહિત

૩) ભલે પિતા ગુસ્સે - શાપ
તેમનું કલ્યાણ માંગ્યું - વેર નહીં
લાગણીઓનો બોજો નહીં - પ્રતિક્રિયા નહીં
પિતા માટે ન વૈરભાવના - ન દુઃખ / દ્વેષ

૪) કર્તવ્યપરાયણ / કર્તવ્યનિષ્ઠ જણાય
પ્રાણીદયા - પિતૃભક્ત - પિતૃઋણ અદા
પુત્રધર્મ બજાવે - તેજસ્વી -
દા. ત. આધુનિક - રામ - વિદ્યાસાગર - નચિકેતા

## શ્લોક - ૧૧

<table>
<tr><td>

**વરદાન આપ્યું**

* યમનો પ્રતિભાવ - વરદાન આપ્યું

૧) જ્યારે તું પિતા સન્મુખ જઈશ<br>
૨) મૃત્યુથી બચેલો તને જોઈને<br>
૩) ક્રોધમુક્ત - શોકમુક્ત બની<br>
૪) સ્નેહથી તારો સ્વીકાર (પ્રસન્ન)<br>
૫) એવું મારું અફર વરદાન છે
</td></tr>
<tr><td>

* પિતા માટે વધુ બે સંબોધન :-

a) વાજશ્રવસ<br>
વજશ્રવસનો પુત્ર તેથી

b) ગૌતમા<br>
વંશનું નામ - ગોત્ર - અટક

c) આરુણિ<br>
અરુણ ઋષિનો પુત્ર<br>
વીર્યજાત જન્મ પિતા અરુણથી<br>
જૈવિક પિતા

d) ઔદ્દાલકિ<br>
ઋષિ ઉદ્દાલકે દત્તક લીધેલ તેથી ઔદ્દાલકિ<br>
પાલક પિતા
</td></tr>
<tr><td>

* મારા વરદાન દ્વારા તારા પિતા

૧) તને ઓળખશે<br>
૨) તારા પ્રતિ વાત્સલ્યપૂર્ણ થશે<br>
૩) પહેલાંની જેમ

* તને મૃત્યુના મુખમાંથી મુક્ત થયેલ જોઈને

૧) તેમનો ક્રોધ શાંત થશે<br>
૨) સ્વસ્થ અને સુખી થશે<br>
૩) રાત્રે શાંતિથી ઊંઘશે
</td></tr>
</table>

## શ્લોક - ૧૨, ૧૩

### નચિકેતા સ્વર્ગ મહિમા (૧૨)

* બીજું વરદાન માંગવાનો સમય

  ૧) સ્વર્ગનો મહિમા ગાય છે
  ૨) સ્વર્ગની બધી સારી બાબતો બતાવી

* સ્વર્ગ = સુખપૂર્ણ / દુઃખશૂન્ય સ્થાન

  ૧) શુભબંધથી પ્રાપ્ત થાય
  ૨) ધર્મક્રિયાના ફળરૂપે પ્રાપ્ત થાય છે

* સ્વર્ગ = ભયરહિત સ્થાન છે

  ૧) વિવિધ પ્રકારના ડર
  ૨) સાપ - ઊંચાઈ - અંધકાર - રોગ
  કરોળિયો - પાણી - એકલપણું - મૃત્યુ

* (૧) સ્વર્ગમાં મૃત્યુ નહીં

  ૧) તમે (મૃત્યુ) ત્યાં નથી
  ૨) અપેક્ષાએ અમરત્વ - લાંબું જીવન
  ૩) તમે તમારા જીવનકાળ દરમ્યાન તેમનું મૃત્યુ નથી જોતા
  ૪) ભક્તામર - અમર કહેવાય
  ૫) પણ અમરત્વ નથી - પુણ્યફળ પૂરું થતાં
  પૃથ્વી પર પાછા
  દા.ત. હવાઈ

* (૨) સ્વર્ગમાં વૃદ્ધાવસ્થા નહીં

  ૧) પૃથ્વીલોક જેવો દેહ હોતો નથી
  ૨) દેહના વિકારો નથી - થાક નહીં, જીર્ણ નહીં
  રોગ નહીં
  ૩) સદા યુવાની જ હોય - બાળપણ વૃદ્ધાવસ્થા નહીં
  ૪) ઈન્દ્રિયો પણ ક્ષીણ થતી નથી

* (૩) સ્વર્ગમાં ભૂખ તરસની વેદના નહીં

  ૧) જીવનનો આનંદ નહીં - સ્વાદિષ્ટ વાનગી
  ૨) લાગે પણ સંકલ્પસિદ્ધિ પ્રાપ્ત છે
  ૩) ઓડકાર - તેથી તેની વેદના નહીં

* નિષ્કર્ષ

  ૧) દેહનાં સર્વ સુખ ઉપલબ્ધ પ્રાપ્તઃ શારીરિક સુખ, દીર્ઘાયુ
  સંકલ્પસિદ્ધિ, રથ, દાસદાસી આદિ
  ૨) કોઈ શારીરિક દુઃખ નહીં
  કોઈ ઊણપ - અપૂર્ણતા નહીં - ભય નહીં
  ૩) દુઃખ નહીં - માત્ર સુખ
  માટે મનુષ્ય પુણ્ય કરી ત્યાં જવા લલચાય છે

### યમને પૂછે (૧૩)

* સ્વર્ગ - સ્વર્ગીય સુખના વર્ણન પછી
  - આ શ્લોકમાં પ્રાપ્તિનો ઉપાય પૂછે છે

* આપ અગ્નિવિદ્યાના જાણકાર છો

  ૧) વિધિ - કર્મકાંડ - મંત્ર = અગ્નિવિદ્યા
  ૨) સ્વર્ગે લઈ જનાર સાચા માર્ગને જાણો
  ૩) અગ્નિવિદ્યા = કારણ કે અગ્નિ કોઈ પણ
  ક્રિયાકાંડનું અનિવાર્ય અંગ

* શીખવવા પણ સમર્થ છો
  ૧) જાણો અને દર્શાવો
  ૨) મને શીખવી છે - સ્વર્ગપ્રાપ્તિનું સાધન

* હું તે સંબંધી શ્રદ્ધાવાન છું

  ૧) સ્વર્ગના અસ્તિત્વને માનું છું
  ૨) શાસ્ત્રમાં અને તમારામાં શ્રદ્ધા
  ૩) - તમારી પાસે જાણવા આતુર
  - મારા બીજા વરદાનરૂપે માંગું છું

* નચિકેતા પોતાની માટે માંગતો નથી

  ૧) સામાજિક કલ્યાણ - જેઓ તે જાણવા ઇચ્છે
  માટે - તેમને કહો
  ૨) ઘણાને ઇચ્છા હોય - તેથી એવા સમાજ માટે પૂછે છે

* તે જાણે - સાચું ધ્યેય નહીં

  ૧) તથાકથિત ધાર્મિક ઇચ્છે - સ્વર્ગીય સુખ લાંબાં / મર્ત્યલોકથી જુદાં
  ૨) ધર્મના મુખ્ય સિદ્ધાંતો વિરુદ્ધ છે - આધ્યાત્મિક માત્ર મોક્ષ ઇચ્છે
  ૩) મર્યાદિત પરિમિત - શાશ્વત નહીં અંતવાન - સીમિત સુખ જ અનુભવાય
  ૪) પુણ્યફળ પૂરું - ફરી પાછા પૃથ્વીલોક - શાશ્વત નથી અમરત્વ નથી
  ૫) સકામ કર્મથી - ચિત્તશુદ્ધિ ન થાય તેથી જ્ઞાન / મોક્ષ ન થાય

* અન્ય માટે માંગે

  ૧) પ્રબ્રૂહિ = વિસ્તારથી જણાવો
  સારી રીતે જણાવો એ અગ્નિવિદ્યા
  ૨) કૃપા કરી સ્વર્ગના સાધન જેવી અગ્નિવિદ્યાનું
  પ્રવચન કરો - સમજાવો

* નચિકેતાના ચારિત્ર્યનું દર્શન

  શ્રદ્ધા - વિનય - જ્ઞાનગરીબી
  યથાર્થ વક્તાની સમજ - પરોપકારી ભાવ

## શ્લોક - ૧૪, ૧૫, ૧૬

### યમ કહે (૧૪-૧૫)

#### શ્લોક - ૧૪

* સ્વર્ગ દેનારી અગ્નિવિદ્યાને જાણું છું
તને જણાવીશ - સારી રીતે કહીશ

આપવા તૈયાર બીજું વરદાન - તને સ્વર્ગે લઈ જનારી વિદ્યા જણાવીશ

* સારી રીતે સાંભળજે - ધ્યાનથી શ્રવણ કરજે

એકાગ્રતાથી સાંભળી યાદ રાખજે - જટિલ વિસ્તારપૂર્વક

જાણું છું - તને કહીશ - મારી પાસેથી શીખ

* આ વિદ્યાથી અવશ્ય સ્વર્ગપ્રાપ્તિ થાય
આ વિદ્યા - જ્ઞાનરૂપી અગ્નિ
જ્ઞાનીની હૃદયગુફામાં વસે છે

* જ્ઞાનીના હૃદયમાં સંતાયેલી આ
વિદ્યા - તારી આગળ પ્રગટ કરીશ

* બુદ્ધિ (ગુફા) આત્મશક્તિ (અગ્નિ) - તેને તીક્ષ્ણ / સૂક્ષ્મ

#### શ્લોક - ૧૫

* અગ્નિવિદ્યાની સમજણ આપી

અગ્નિની આહુતિ
વિધિવિધાન જે સ્વર્ગલોક લઈ જાય

* વિસ્તારથી સમજણ આપી - યજ્ઞકુંડની વેદી

- શું જરૂરી - વિવિધ આકારના કુંડ - ઈંટો
- કેટલી - શું માપની લંબાઈ - કેવી રીતે ગોઠવણ - કયા મંત્ર ઉચ્ચાર
- ૭૨૦ ઈંટો - સંવત્સરનું પ્રતીક ગણાય (૩૬૦ દિવસ - ૩૬૦ રાત્રિ)

* તેને ફરી બોલવા કહ્યું

- કારણ કે જટિલ અને વિસ્તૃત
- તપાસવા કે સાચી રીતે ગ્રહણ

* આખું યથાર્થપણે પાછું બોલ્યો

- પ્રભાવિત / પ્રસન્ન - અત્યંત એકાગ્રતા દર્શાવે
- મેધાશક્તિ તીક્ષ્ણ બુદ્ધિ - સ્મૃતિશક્તિ અસાધારણ યાદશક્તિ = થી પ્રસન્ન થઈ કહ્યું
- ગુરુનો આદર અને રાજીપો મેળવ્યા

* ૪ પ્રકારની સ્મરણશક્તિ

a) લાંબો સમય લાગે - જલદી ભૂલી જાય
b) લાંબો સમય લાગે - ધારણ કરે
c) જલદી શીખે - જલદી ભૂલી જાય
d) જલદી શીખે - ધારણ કરે (નચિકેતા)

* પ્રસન્ન થઈ યમરાજે કહ્યું →

### બોનસ વરદાન (૧૬)

#### શ્લોક - ૧૬

* તેની એકાગ્રતાથી પ્રસન્ન

- તેને વધુ એક વરદાન આપ્યું
- ત્રીજું વરદાન નહીં - બોનસ વરદાન

* આહુતિની અગ્નિ તારા નામથી ઓળખાશે
નચિકેતા અગ્નિ / નાચિકેત અગ્નિ

* રાજાઓની જેમ હાર કાઢ્યો અને તેને આપ્યો

- રત્નમાળા - વિવિધ રૂપરંગવાળી રત્નોની માળા
- એમ અર્થ થઈ શકે - વિવિધ મંત્ર, કળા, સિદ્ધાંતો શીખવ્યાં

## શ્લોક - ૧૭, ૧૮, ૧૯

### યમ સૂચના આપે (૧૭ - ૧૮)

#### શ્લોક - ૧૭

* જો ઐક્ય સાથે ત્રણ વાર કરવામાં આવે

૧) ૩ વાર - મનવચકાયની એકતા
૨) ક્રિયાકાંડ મંત્ર અને ધ્યાનપૂર્ણતા સાથે જોડવા જોઈએ
૩) જાણો - સમજો - આદરો (અમલમાં મૂકો)

* ૩ કર્તવ્યોના પાલન સાથે

૧) ૩ પ્રકારનાં કર્તવ્ય બજાવો / નિષ્કામભાવે
૨) યજ્ઞ - તપ - દાન (દક્ષિણા)

* જન્મમૃત્યુની પરે જાય છે

૧) જન્મ અને મૃત્યુ પર વિજય
૨) દુઃખ-વેદનાથી પર
૩) વ્યસન (અનૈતિક કૃત્યો) - વિકાર (અશુદ્ધ ભાવ)
૪) પુનરપિ જનનં મરણં નહીં
૫) આદરનાર સંસારસાગરને તરે

* શાશ્વત શાંતિ પામે છે

૧) યજ્ઞથી સ્વર્ગ
૨) પરંતુ જો ઉચ્ચમાં રોકાણ
૩) જલદી મુક્તિ - શાશ્વત શાંતિ

#### શ્લોક - ૧૮

* જો ત્રણ વાર કરવામાં આવે

૧) જ્ઞાન અને ભાવ સાથે
૨) નિષ્ઠા સાથે - વિધિપૂર્વક (શાસ્ત્રોક્ત પદ્ધતિ)
૩) આધ્યાત્મિક લક્ષ - મંત્ર અને ધ્યાનપૂર્ણતા

* ક્રિયા મહત્ત્વની નહીં - માનસિક સ્થિતિ મહત્ત્વની

૧) મન નિર્મળ થવું જોઈએ - તો તૈયાર
૨) બ્રહ્મવિદ્યા માટે - તમારી ઓળખાણ વિસ્તારવા માટે

* શોકરહિત - સ્વર્ગનો આનંદ માણે છે

૧) ત્રિવિધ તાપથી મુક્ત - દુઃખથી પાર
૨) દુઃખથી ઉપર ઊઠે - સ્વર્ગમાં સુખ ભોગવે
માણે
૩) નચિકેતા દ્વારા શ્લોક ૧૨માં આવા શબ્દોનો ઉપયોગ

### ત્રીજું માંગ (૧૯)

#### શ્લોક - ૧૯

* યમ પ્રભાવિત

૧) તેની તત્પરતા - નિખાલસતા - અનુરાગ
૨) તેના પર આશીર્વાદ અને વરદાન વરસાવ્યાં

* બીજું વરદાન - આપ્યું

૧) સ્વર્ગે લઈ જતી ક્રિયા દર્શાવી
૨) અન્યને જણાવજે

* આ અગ્નિ ઓળખાશે

૧) તારા નામથી - નાચિકેત અગ્નિ
૨) આધુનિક યુગમાં નામાભિધાન
હૉસ્પિટલો - રસ્તાઓ - ઍરપોર્ટ આદિનું

* હવે ત્રીજું વરદાન માંગ

૧) નામ એ ત્રીજું નહોતું - બોનસ
૨) ત્રીજું બાકી - તેથી પૂછે
૩) યમને ઋણમુક્ત થવું છે
તે માંગે અને આપે પછી જ

* ૩ વરદાન

a) ઈહલોક - મૃત્યુલોક - પિતાનું કલ્યાણ
b) પરલોક - સ્વર્ગલોક - સામાજિક કલ્યાણ
c) અલૌકિક - મોક્ષ - પોતાનું કલ્યાણ
|
આત્માનંદ
નિજાનંદ
બ્રહ્માનંદ અર્થે

* જીવને સ્પષ્ટતા હોવી જોઈએ કે તેને શું જોઈએ છે

આત્મકલ્યાણ અર્થે માંગશે
- નિત્યફળવાળું માંગશે એવી અપેક્ષા

* ત્રીજું વરદાન -

૧) કંઈક આધ્યાત્મિક
- તત્ત્વચર્ચાનું મૂળ તેથી
૨) અંતિમ ધ્યેય
- આત્મકલ્યાણ અર્થે